**C.C.No.** 37/2026

| | | | |
|---|---|---|---|
| GJAR040000432026 | सत्यमेव जयते | કેસ દાખલ થયાની તા. | ૦૬/૦૧/૨૦૨૬ |
| | | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૦૬/૦૧/૨૦૨૬ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૦૭/૦૮/૨૦૨૬ |
| | | સમયગાળો:વર્ષ-૦૦ ,મહિનો-૦૭ ,દિવસ-૦૧ | |

---

**મેઘરજ ના એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ, મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૩૭/૨૦૨૬**

**આંક :**

---

**ફરીયાદી :** **શ્રી સરકાર**

મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં.
૧૧૧૮૮૦૦૭૨૪૦૨૯૭/૨૦૨૪

**૦ વિરૂધ્ધ ૦**

**આરોપી :** (૧)નરેશભાઈ છબીલભાઈ ફનાત
રહે.વાવફળીયું ઝરંડા,તા.મેઘરજ,જી.અરવલ્લી

---

**ગુનો:** **ઈન્ડિયન પિનલ કોડની કલમ-૨૭૯,૩૩૭,૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલ શ્રી એ.ડી.નીનામા

---

**૦ હુકમ ૦**

(૧) આ કામના આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૭૨૪૦૨૯૭/૨૦૨૪ થી તા.૧૯/૦૫/૨૦૨૪ ના રોજ ઇ.પી.કોડની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧ ૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) <u>**ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–**</u>

1. ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, કોલમ નં.૧ માં જણાવેલ આરોપીએ ગઈ તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ કલાક.૧૦/૩૦ વાગે માંજે મેઘરજ બજારમાં શારદા ઝેરોક્ષની બાજુમાં આવેલ જલારામ કુટવેરની દુકાન આગળ મેઘરજથી મોડાસા જતા રોડ ઉપર બોલેરો નંબર.જી.જે.૩૧.ડી.૫૧૮૯ ગાડી ની પોતાના કબ્જાની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે અને બેદરકારીથી ગાડી રીવર્સમાં ચલાવી લાવી ફરીયાદીના ભાઇ સાહેદ ધીરાભાઇ રાજાભાઇ તરારનાઓ તેઓની મોટરસાઇકલ મોડાસાથી મેઘરજ તરફ આવતા રોડ ઉપરના કટમાંથી મેઘરજથી મોડાસા જતા રોડ ઉપર પોતાની ભાડેથી રાખેલ શારદા ઝેરોક્ષની બાજુમાં આવેલ દુકાને પોતાનું મોટરસાયકલ રજી.નં.જી.જે.૩૧.એમ.૧૫૪૩ ચલાવી લઇને આવતા હોય તે દરમ્યાન પોતાની બોલેરો ગાડી રીર્વસમાં ચલાવી લાવી મો.સાને ટક્કર મારી મોટરસાયકલ ચલાવતા સા.ધીરાભાઇ રાજાભાઈ તરાર ઉ.વ.૪૫ નાઓને ડાબા પગે ઢીંચણથી નીચેના ભાગે ફેક્ચર કરી ઇજાઓ પહોચાડી ગુન્હો કર્યા બાબતે. આરોપી સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧ ૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા, તે અંગેની

ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) **<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપી સામે સમન્સ કાઢવામાં આવેલ છે. તે જોતાં ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ આરોપી સામેનો કેસ છે. ત્યારબાદ આ કામે આરોપીને ક્રિમીનલ પ્ર ોસીજર કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી નાઓએ આરોપી સામે આંક–૦૪ થી પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**<u>// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //</u>**

| **અ.નં.** | **પુરાવાની વિગત** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી કનુભાઈ રાજાભાઈ તરારની જુબાની | ૦૮ |
| ૦૨ | ફરીયાદ | ૦૯ |
| ૦૩ | સાહેદ ધીરાભાઈ રાજાભાઈ તરારની જુબાની | ૧૦ |
| ૦૪ | પચનામા | ૧૧ |
| ૦૫ | મેડીકલ સર્ટી | ૧૨ થી ૧૩ |
| ૦૬ | કલોઝીંગ પુરશીશ | ૧૪ |

(૫) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીઓનુ વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો ન હોય, આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી  તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૬) આ કેસનાં ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

:૧: શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, કોલમ નં.૧ માં જણાવેલ આરોપીએ ગઈ તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ કલાક.૧૦/૩૦ વાગે માંજે મેઘરજ બજારમાં શારદા ઝેરોક્ષની બાજુમાં આવેલ જલારામ કુટવેરની દુકાન આગળ મેઘરજથી મોડાસા જતા રોડ ઉપર બોલેરો નંબર.જી.જે.૩૧.ડી.૫૧૮૯ ગાડી ની પોતાના કબ્જાની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે અને બેદરકારીથી ગાડી રીવર્સમાં ચલાવી લાવી ફરીયાદીના ભાઇ સાહેદ ધીરાભાઇ રાજાભાઇ તરારનાઓ તેઓની મોટરસાઇકલ મોડાસાથી મેઘરજ તરફ આવતા રોડ ઉપરના કટમાંથી મેઘરજથી મોડાસા જતા રોડ ઉપર પોતાની ભાડેથી રાખેલ શારદા ઝેરોક્ષની બાજુમાં આવેલ દુકાને પોતાનું મોટરસાયકલ રજી.નં.જી.જે.૩૧.એમ.૧૫૪૩ ચલાવી લઇને આવતા હોય તે દરમ્યાન પોતાની બોલેરો ગાડી રીર્વસમાં ચલાવી લાવી મો.સાને ટક્કર મારી મોટરસાયકલ ચલાવતા સા.ધીરાભાઇ રાજાભાઈ તરાર ઉ.વ.૪૫ નાઓને ડાબા પગે ઢીંચણથી નીચેના ભાગે ફેક્ચર કરી ઈજાઓ પહોચાડી ગુન્હો કર્યા બાબતે. આરોપી સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષા પાત્ર ગુન્હાઓ કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓનાં ન્યાયિક નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

:૧: નકારમાં.

:૨: આખરી હુકમ મુજબ.

**-: મુદા નં.૧ ના નિર્ણયના કારણો :-**

(૮) **-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**મુદાની ચર્ચા :-**

અદાલતે ફોજદારી કેસના ન્યાય-નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂઘ્ઘ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિઘ્ધાંતો અદાલતે ઘ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીનું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

૬) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી
છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં
આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલ ` કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous"** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં

આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

**( ૯ ) <u>ફરીયાદી તથા સાહેદોનો પુરાવો :–</u>**

ફરિયાદપક્ષે ફરીયાદી કનુભાઈ રાજાભાઈ તરાર ને આંક– ૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. ફરીયાદી તેમની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, ગઈ તા. ૧૭/૫/૨૪ ના રોજ સવારના આઠ વાગે હું ધરે હાજર હતો તે વખતે મારા ભાઈ ધીરાભાઈને મને ફોન આવેલ અને જણાવેલ કે હુ દુકાનેથી મો.સા. લઈ મેધરજ બજારમાં કામ સારુ ગયેલ હતો. અને કામ પતાવી મો.સા. ઉપર મોડાસાથી મેધરજ આવતા રોડ ઉપર ના કટમાથી હુ મેધરજથી મોડાસા જતા રોડ ઉપર આવેલ શારદા જેરોક્ષની બાજુમા આવેલ મારી દુકાન જતો હતો તે દરમીયાન જલારામ કુટવેર ની દુકાન આગળ આવતા એક બોલેરો ગાડીના ચાલક સાથે મારે અકસ્માત થયેલ છે અને મને પગે ઈજા થયેલ છે જેથી હુ ધરેથી બે ચાર માણસો લઈ મેધરજ આવવા નીકળેલો એ વખતે મારા ભાઈને મને ફરી ફોન આવેલ અને જણાવેલ કે તેને સારવાર સારુ મોડાસા મંથન હોસ્પીટલ લઈ ગયેલા છે જેથી હુ ત્યા ગયેલ અને જોયેલ તો મારા ભાઈને ડાબા પગે ધુટણથી નીચેના ભાગે ઈજા થયેલ અને ડોકટરશ્રીએ ઓપરેશન કરાવવાનુ કહેતા અમોએ મારા ભાઈને સરકારી કાર્ડ ચાલે તે વિશ્વા હોસ્પીટલમા લઈ ગયેલા અને ત્યા સારવાર કરાવેલી. આ અકસ્માત બાબતે મેઘરજ પોલીસ મથકે બોલેરો ગાડીના ચાલક વિરુધ ફરીયાદ આપેલી. જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે જે ઓળખુ છુ. જે ફરીયાદની ખરી નકલને આંકે પાડવા બચાવપક્ષને વાંધો ન હોય રજુ દાખલ **આંક. ૦૯** આપવામાં આવે છે.અકસ્માત વખતે હું ધરે હોય અકસ્માત કોના દ્વારા કઈ ગાડી નંબર દ્વારા થયેલ તે હુ કહી શકુ નહી.

સદર ફરીયાદી તેમની જવાબ હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. સરકારી વકીલશ્રીએ તેઓની

વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં જવાબની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકિકત સદર સાહેદ જણાવેલ નથી. જ્યારે બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે, અકસ્માત સમયે હુ ઘરે હતો. એ વાત ખરી છે કે અકસ્માત કઈ ગાડી નં બરથી કોના દ્વારા થયેલો તે મે મારી પોલીસ રુબરુની ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માત થતા મે નજરો નજર જોયેલ નથી. એ વાત ખરી છે કે મે તૈયાર ફરીયાદમા માત્ર સહી કરેલી. એ વાત ખરી છે કે આ કામના આરોપી દ્વારા મારા ભાઈને મો.સા.ને ટકકર મારી અકસમાત કરેલ હોય તેવુ બનેલ નથી.

ત્યારબાદ સાહેદ ધીરાભાઈ રાજાભાઈ તરાર ને આંક– ૧૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સાહેદે તેમની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, ગઈ તા. ૧૭/૫/૨૪ ના રોજ સવારના આઠ વાગે મારા ભાઈ કનુભાઈ ઘરે હાજર હતા તે વખતે મે તેમને ફોન કરેલ અને જણાવેલ કે હુ દુકાનેથી મો.સા. લઈ મેઘરજ બજારમાં કામ સારુ ગયેલ હતો અને કામ પતાવી મો.સા. નં.જી.જે.૩૧.એમ. ૧૫૪૩ ઉપર મોડાસાથી મેઘરજ આવતા રોડ ઉપર ના કટમાથી હુ મેઘરજથી મોડાસા જતા રોડ ઉપર આવેલ શારદા ઝેરોક્ષની બાજુમા આવેલ મારી દુકાન જતો હતો તે દરમીયાન જલારામ ફુટવેર ની દુકાન આગળ આવતા એક બોલેરો ગાડીના ચાલક સાથે મારે અકસ્માત થયેલ છે અને મને પગે ઈજા થયેલ છે. જેથી મારા ભાઈ ઘરેથી બે ચાર માણસો લઈ મેઘરજ આવવા નીકળેલા એ વખતે મારા ભાઈને મે ફરી ફોન કરી જણાવેલ કે મને સારવાર સારુ મોડાસા મંથન હોસ્પીટલ લઈ ગયેલા છે જેથી મારા ભાઈ ત્યા આવેલ અને જોયેલ તો મને ડાબા પગે ધુટણથી નીચેના ભાગે ઈજા થયેલ અને ડોકટરશ્રીએ ઓપરેશન કરાવવાનુ કહેતા મને મારા ભાઈ સરકારી કાર્ડ ચાલે તે વિશ્વા હોસ્પીટલમા લઈ ગયેલા અને ત્યા સારવાર કરાવેલી. આ અકસ્માત બાબતે મારા ભાઈ કનુભાઈ એ મેઘરજ પોલીસ મથકે બોલ રો ગાડીના ચાલક વિરુધ ફરીયાદ આપેલી. જે ફરીયાદ બાબતે પોલીસે

મારો જવાબ લીધેલો.મારી બાઈકને બોલેરો ગાડી ચાલક. પાછળથી ટકકર મારી નાસી ગયેલ હોય હુ ગાડી ચાલક કે ગાડી નંબર જણાઈ શકુ નહી.

સદર સાહેદ તેમની જવાબ હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને વિમુખ જાહેર કરવામાં આવેલ છે. સરકારી વકીલશ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ હોવા છતાં જવાબની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ હકિકત સદર સાહેદ જણાવેલ નથી. જ્યારે બચાવપક્ષની ઉલટતપાસ દરમ્યાન એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, અકસ્માત કઈ ગાડી નંબરથી કોના દ્વારા થયેલો તે મે મારા પોલીસ રુબરુના જવાબમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માત કરનાર ગાડી ના ચાલકને મે જોયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલુ બાકીની હકીકત જાતે લખી નાખેલ. એ વાત ખરી છે કે આ કામના આરોપી ધ્વારા મારી મો.સા.ને ટકકર મારી અકસમાત કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૦)** આ કામે રજુ સમ્રગ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીની જુબાની જોતાં ઈ.પી.કો.કલમ-૨૭૯ જોવી ખુબજ જરૂરી હોય, જે નીચે મુજબ છે.

**<u>ઈ.પી.કો. કલમ ૨૭૯ જોઈએ તો,</u>**

જો કોઈ વ્યકિત માણસોની જીંદગી જોખમમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બેમાંથી કોઈ પ્ર કારની કેદની અથવા એક હજાર રૂપિયા દંડની અથવા તે બં ને શિક્ષા કરવામાં આવશે. આ કલમના આવશ્યક તત્વો જોઈએ તો, તે નીચે મુજબ છે.

૧) જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવુ અને સવારી કરવી.

૨) બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવુ વાહન ચલાવવુ અથવા આવી સવારી કરવી.

૩) કે, જે કારણે બહુજનસમુદાયની જિંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા અથવા હાની થવા સંભવ હોય,

**ઈ.પી.કો. કલમ ૩૩૭ જોઈએ તો,**

જો કોઈ વ્યકિત મનુષ્યની જીંદગી કે અન્ય વ્યકિતઓની શારીરીક સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વયકિતને વ્યથા કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ એક પ્રકારની કેદની, અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંનેની શિક્ષા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ ૩૩૮ જોઈએ તો,**

બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જાખમમાં મૂકાય એવા કૃત્યોથી મહાવ્યથા કરવા બાબતના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ બેફામપણે અથવા બેદરકારીપૂર્વક કોઈ કૃત્ય કર્યુ.

૨. તેવા કૃત્યના કારણે માનવજીંદગી કે અન્યની શારીરિક સલામતી ભયમાં મુકાઈ.

**(૧૧)** આમ, ઉપરોકત વ્યાખ્યાના હાર્દસમાન તમામ તત્વો આરોપી પક્ષે સાબિત કરવા માટે સમર્થનકારી પુરાવો આપવો જોઈએ. હાલના કામે તપાસવામાં આવેલા ફરીયાદી તેમજ સાહેદની જુબાની વંચાણે લેતા

આરોપીએ તેઓના વાહનનુ પુરઝડપે અને બેફીકરાઈ થી માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તેવુ જણાય આવતુ નથી. વધુમાં અન્ય કોઈ  પણ સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલ નથી. વધુમાં ફોજદારી નિતીશાસ્ત્રમાં એવુ પણ જણાવવામાં આવેલ છે કે, ફરીયાદ પક્ષે તેઓનો કેસ નિ:શંકપણ પુરવાર કરવાનો રહે છે અને આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની નથી. આરોપીએ તો માત્ર શંકા દર્શાવવાની રહે છે. જે શંકાનું નિરાકરણ ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર ન કરે તો તેનો લાભ ચોકકસ આરોપીને મળવાપાત્ર થાય છે.

**(૧૨)** આમ, રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલાનું નહીં માનવાને કોઈ કારણ જણાતુ નથી. અને તેવી જ રીત હાલના આરોપીએ બનાવમાં બેદારીપુર્વક અને બેફીકરાઈથી ડ્રાઈવીંગ  કરેલ હોય તેવુ બનલ નથી. તેવી જ રીતે આરોપીની ઓળખાણ અંગેનો કોઈ સમર્થનકારી પુરાવો સ્વતં ત્ર સાહેદોની આ કામે તપાસીને પુરવાર કરી શકેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી સામે આક્ષેપિત કલમોના આવશ્યકત તત્વો પરીપૂર્ણ થતા ન હોય, **આરોપી પોતાના કબ્જા હવાલાવા ળુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે માનવ જિંદગી જોખમાય તે રીતે ચલાવીને ઈજાપામનારને ગં ભીર ઈજાઓ થયેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.** વધુમાં આ કામે ફરીયાદ પક્ષે આંક– ૧૪ થી કલોઝીંગ પુરશીશ  આપીને તેઓને વધુ કોઈ સાક્ષીઓ તપાસવા નથી તેવુ જાહેર કરેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ કોઇ પુરાવા રજુ કરી શકેલ ન હોય, આરોપી વિરૂધ્ધનો આક્ષેપ ચુકત આરોપો સાબિત થતા નથી, આરોપી વિરૂધ્ધ આક્ષેપચુકત શંકાથી પર આરોપી પુરવાર કરી શકેલ નથી. આમ ફરિયાદીની જુબાની

જોતાં આરોપી  વિરૂધ્ધ જે કલમો મુજબનો ગુનો નોંધાયેલ છે, તેના હાર્દ અન્વયે જુબાની આપેલી નથી, તથા સદરહુ પુરાવો ધ્યાનથી વંચાણે લેતા કલમોના આવશ્યક તત્વો ફળીભુત થતા નથી આમ ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, પુરાવાના અભાવે મુદૃા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવી મુદૃા નં. ૨ માટે નીચે મુજબનો આખરી  હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) આથી આ કામનાં આરોપી : નરેશભાઈ છબીલભાઈ ફનાત, રહે.વાવફળીયું ઝરંડા, તા.મેઘરજ, જી.અરવલ્લી.નાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈન્ડિયન પીનલ કોડની કલમ–૨૭૯,૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબનાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી  છોડી મુકવા હુકમ કરું છુ.

(૨) આરોપીઓએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદૃ થયેલ ગણાશે.

સદરહું ચુકાદો આજરોજ તારીખ: ૦૭મી, માહે: ઓગસ્ટ, સને: ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા. ૦૭/૦૮/૨૦૨૬**<br>**મુ.મેઘરજ** | **(હેમોરસિંહ મનુભાઈ પરમાર)**<br>**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**<br>**મેઘરજ**<br>**(કોડ નં.જી.જે.૦૧૨૭૬)** |